From: **HARESH PAMNANI** (sahajgyan@hotmail.com)
Sent: June 9, 2010 10:32:25 AM
To: (Unknown)

# બેસતા કરી દીધા!

નાના-મોટોઓને કોમ્પ્યુટર પર બેસતા કરી દીધા!
'સેલ-ફોન' પર શાકભાજી પણ વેચતા કરી દીધા!

ટેક્નોલોજીતો ભઈ વધી રહી છે જુઓ ચારે કોર,
ગુણાકાર ને ભાગાકાર બધાના ભૂલતા કરી દીધા!

સવારના પહોરમાં નિયમિત ન્હાવાનું જે છોડીને,
'ઈમેલ'ના સરોવરમાં ડૂબકી મારતા કરી દીધા!

ખાવાનો ચસ્કો બધાનો જુઓ વધતો જાય છે આજે,
'સ્પેસ'માં સુનીતાને પણ સમોસા ખાતા કરી દીધા!

પૈસા પડાવનાર પાત્રો વધી રહ્યા જૂઓ અહિ પણ?
વિમાનો ને વહાણો ઉપર કથાઓ કરતા કરી દીધા!

સમયની મારામારી વધી ગઈ છે ઘેર ઘેર આજે તો,
સ્ંડાસમાં 'સેલ્યુલર'પર વાતો પણ કરતા કરી દીધા!

‘લેક્સસ’ ને‘મરસીડીઝ’માં આમતો ફરો છો તમે,
અમારા અવસરો પર મોડા કેમ આવતા કરી દીધા?

કથાઓ કરાવીને પણ વ્યથાઓ કોઈની ઘટી નથી,
ક્લેશો કુટુંબો વચ્ચેના ભઈ કેમ વધારતા કરી દીધા?

હાથ લંબાવતું નથી કોઈ સહારો આપવા માટે તો,
ઈર્ષામાં એક બીજાના જૂઓ પગ ખેંચતા કરી દીધા!

સ્મશાન વૈરાગ્ય આવવો શક્ય નથી ‘ચમન’ હવે?
‘ઈલેક્ટી્રક’ ભઠ્ઠામાં મડદાં પણ બાળતા કરી દીધા!